ફોજદારી કેસ નં.46234/2021

**<u>:: આંક–૧ તળે હુકમ ::</u>**

પોલીસ ધ્વારા દાખલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા. આ કેસમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા આરોપી સામે ઈ.પી.કો.કલમ – ૧૮૮, વિ મુજબ દાખલ એફ.આઈ. આર.ના આધારે તપાસ કરી ચાર્જશીટ દાખલ કરી છે. ઈ.પી.કો.કલમ–૧૮૮ સી.આર.પી.સી. મુજબ કોગ્નીઝેબલ ગુનો છે પણ સી.આર.પી.સી.કલમ–૧૯૫ ધ્યાને લેતાં ઈ.પી.કો.કલમ–૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાઓ માટે કોર્ટ ત્યાં સુધી કોગ્નીઝન્સ ન લઈ શકે જયાં સુધી આ ગુનાઓમાં સંબંધિત જાહેર અધિકારી કે વહીવટી રીતે તે જેના તાબામાં આવતા હોય તેવા ઉપરી અધિકારી લેખિત ફરિયાદ કોર્ટમાં દાખલ ન કરે. આ કેસમાં પોલીસ ધ્વારા જે ચાર્જશીટ દાખલ કરી છે એમાં જણાવેલ છે કે, પોલીસ કમિશનરશ્રી નાં જાહેરનામાનો ભંગ થયેલ છે પરંતુ આ કેસમાં પોલીસ કમિશનરશ્રી કે તેમના ઉપરી અધિકારી ધ્વારા કોર્ટમાં લેખિત ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી. <u>દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ એ.આઈ.આર.૧૯૬૨ એસ.સી.૧૨૦૬</u> માં નામ. સુપ્રિમ કોર્ટે એવું ઠરાવેલ છે કે મેજિસ્ટ્રેટ ધ્વારા પોલીસ રિપોર્ટ ઉપર લેવામાં આવેલ કોગ્નીઝન્સમાં આરોપી તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય અને સી.આર.પી.સી.કલમ–૧૯૫ લાગતી હોય તો આ સજા મેજિસ્ટ્રેટ હકુમત વિના ગણાય અને કાર્યવાહી Void-ab initio થઈ જાય. આ ઉપરાંત નામ. દિલ્હી હાઈકોર્ટ ધ્વારા Pool chand jan V/s. state 1987 Crimes 567(Delhi)માં એવું ઠરાવેલ છે કે The court not take cognizance except on a complaint in writing by the publice servent or his superior as envisaged by this section. If the court was not competant to take cognizance,it would be no cognizance in the eyes of law. આ કામના ફરીયાદી પોલીસ અધિકારી છે અને તેઓ પોલીસ કમિશનરશ્રીના તાબાના અધિકારી ગણાય. પરંતુ નામ. સિકકીમ હાઈકોર્ટ ધ્વારા Lakpa Sherpa V/s. State Of Sikkim 2004 Cr.L.J. 4388(Sikkim)ના ચુકાદામાં

જણાવેલ છે કે Complaint can not be filed by the subordinate of the publice servent concerned.

નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા રામજી ભીખા કોલી વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સી.આર.એલ.જે. ૧૨૪૪ માં એવું ઠરાવેલ છે કે, કોર્ટમાં સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખિત ફરીયાદ મેજિસ્ટ્રેટ રૂબરૂ દાખલ કરવી ફરજિયાત છે અને નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આ કેસમાં આરોપી સામે કેસ ખારીજ કરી ફરીયાદપક્ષને નવી રીતે કાયદા મુજબ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપેલી. સી.આર.પી.સી.ની કલમ – ૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાઓ ઘ્યાને લેતા હું માનું છું કે ઈ.પી.કો. કલમ – ૧૮૮ માં પોલીસ ચાર્જશીટ ન કરી શકે તથા કોર્ટ ચાર્જશીટને કમ્પલેન્ટ તરીકે પણ ન લઈ શકે. નામ.સુપ્રીમ કોર્ટે M.S.Ahlawat V/s State of Haryana AIR 2000 SC 168ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે Provisions of Cr.P.C.Sec.195 are mandatory and no court has jurisdiction to take cognizance of any offence mentioned therein unless there is a complaint in written are required under that section.આ કેસમાં કોર્ટ ધ્વારા આરોપી સામે કોગ્નીઝન્સ લેવામાં આવેલ નથી તેમજ કોઈ પ્રોસેસ કાઢવામાં આવેલ નથી. પોલીસ ધ્વારા આ કેસમાં કોગ્નીઝેબલ ગુનો હોવા છતાં દાખલ ચાર્જશીટ ઉપર કોગ્નીઝન્સ લેવા કાયદાકીય બાધ નડતો હોય આ ચાર્જશીટના આધારે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

–: હુકમ : –

પ્રોસીકયુશનને નવેસરથી ફરીયાદ ફાઈલ કરવાની સ્વતંત્રતા આપીને સદર ચાર્જશીટ દફતરે કરવાનો હુકમ કરવામા આવે છે.

સહી/–

તા.૧૧–૧૨–૨૧ ( પી.કે.રાચ )

રાજકોટ ૧૪માં અધિક ચીફ જ્યુડીશ્ચલ મેજી

યુનીક આઈ.ડી.કોડનં.GJ01112